**Shri Govind Guru University**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૩/૯૨૭૮ તા.૨૮/૧૨/૨૦૨૩

## પરિપત્ર-૩૨૪૮

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એ., બી.કોમ., બી.એસસી., બી.બી.એ., બી.આર.એસ. અને બી.એસ.ડબ્લ્યુ. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર આપની કોલેજમાં NEP-૨૦૨૦ મુજબના સેમેસ્ટર-૧ (ન્યુ કોર્સ) માં અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની ડીસેમ્બર-૨૦૨૩ તથા જાન્યુઆરી-૨૦૨૪ માં આયોજિત એબિલીટી ઇન્હાન્સ્મેન્ટ કોર્સ (AEC), સ્કીલ ઇન્હાન્સ્મેન્ટ કોર્સ (SEC) તથા વેલ્યુ એડેડ કોર્સ/ઈન્ડીયન નોલેજ સિસ્ટમ (IKS/VAC) વિષયની યુનિવર્સિટીની પરીક્ષાની ઉત્તરવહીઓ આપની કોલેજનાં પરીક્ષાનાં સ્ટ્રોંગરૂમમાં રાખવાની રહેશે. આપે આ પરીક્ષાઓનો તારીખ વાઈઝ બ્લોક સુપરવાઈઝર રીપોર્ટ જે તે દિવસની પરીક્ષા પૂર્ણ થયે યુનિવર્સિટી ઓબ્ઝર્વર સાથે મોકલી આપવાનો રહશે. તેમજ પરીક્ષાના અંતિમ દિવસે બ્લોક સુપરવાઈઝર રીપોર્ટ સાથે વધેલ તમામ બ્લેન્ક અને ઈમરજન્સી બારકોડ યુનિવર્સિટી ઓબ્ઝર્વર સાથે મોકલી આપવાના રહશે. આપે વિષય અનુસાર પરીક્ષકશ્રીઓની યાદી યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ઈ.મેઈલ એડ્રેસ staffdata@sggu.ac.in પર મોકલવાની રહેશે. અને અભ્યાસક્રમ અનુસાર નીચે દર્શાવેલ સમયમર્યાદામાં પરીક્ષણકાર્ય ફરજીયાતપણે પૂર્ણ કરાવવાનું રહેશે. વધુમાં એકપણ ઉત્તરવહી મિસિંગ ન થાય તેની કાળજી રાખી તેનો રેકોર્ડ જાળવવાનો રહેશે. પરીક્ષણ કાર્યના સંદર્ભમાં સંબંધિત પરીક્ષકશ્રીઓને યુનિવર્સિટીના નિયમ અનુસાર મહેનતાણું મળવા પાત્ર થશે. તે માટે કયા પરીક્ષકશ્રીએ ક્યા વિષયની અને કેટલી ઉત્તરવહીઓનું પરીક્ષણ કરેલ છે તેનું સ્ટેટમેન્ટ અને રેમ્યુનરેશન બીલ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | અભ્યાસક્રમ | અંતિમ તારીખ |
|---|---|---|
| ૧ | બી.એ. સેમેસ્ટર-૧ (ન્યુ કોર્સ-૨૦૨૩) | ૨૦/૦૧/૨૦૨૪ |
| ૨ | બી.કોમ. સેમેસ્ટર-૧ (ન્યુ કોર્સ-૨૦૨૩) | ૧૫/૦૧/૨૦૨૪ |
| ૩ | બી.એસસી. સેમેસ્ટર-૧ (ન્યુ કોર્સ-૨૦૨૩) | ૧૫/૦૧/૨૦૨૪ |
| ૪ | બી.બી.એ. સેમેસ્ટર-૧ (ન્યુ કોર્સ-૨૦૨૩) | ૧૦/૦૧/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| ૫ | બી.આર.એસ. સેમેસ્ટર-૧ (ન્યુ કોર્સ-૨૦૨૩) | ૧૦/૦૧/૨૦૨૪ |
| ૬ | બી.એસ.ડબ્લ્યુ. સેમેસ્ટર-૧ (ન્યુ કોર્સ-૨૦૨૩) | ૧૦/૦૧/૨૦૨૪ |

ખાસ નોંધ : દરેક અધ્યાપકશ્રીઓએ મેજર કોર્સ, માઈનર કોર્સ તથા મલ્ટી ડીસીપ્લીનરી કોર્સની તેઓને યુનિવર્સિટી દ્વારા પરીક્ષણ અર્થે મોકલેલ ઉત્તરવહીઓનું પરીક્ષણકાર્ય ઓર્ડરમાં દર્શાવેલ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એ., બી.કોમ., બી.એસસી., બી.બી.એ., બી.આર.એસ. અને બી.એસ.ડબ્લ્યુ. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.